## રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીની સફળ રજુઆત...
## રાજકોટ ચેમ્બરના અથાગ પ્રયત્નોથી રાજકોટ રેલ્વે સ્ટેશન પર એસ્કેલેટરની સુવિધા ઉપલબ્ધ કરવામાં આવી...

રાજકો-સૌરાષ્ટ્રના મુસાફરોને વધુ સારી રેલ્વે સુવિધા મળી રહે તે માટે હર હંમેશ રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા કેન્દ્ર-રાજય સરકાર તથા રેલ્વે વિભાગોમાં રજુઆતો કરેલ છે. જેમાં મુસાફરો માટે એસ્કેલેટર ફાળવવામાં માટે અગાઉ ઘણાં વર્ષોથી માંગણી મુકવામાં આવેલ હતી. જેનો સ્વીકાર થયેલ છે. અને આશરે રૂા.૨૧ કરોડ ના ખર્ચે રાજકોટ સ્ટેશન ખાતે એસ્કેલેટરની સાથે વિવિધ કામોના તા.૯-૧-૨૦૨૨ ના રોજ લોકોઅર્પણ કરવામાં આવેલ. તેમજ માનનીય સાંસદશ્રી મોહનભાઈ કુંડારીયાજી દ્વારા એસ્કેલેટરની સુવિધા ઉપલબ્ધ કરાવવા માટે પણ તન-તોડ મહેનત તથા અથાગ પ્રયત્નો કરીને સાથ સહકાર આપેલ છે. તે બદલ રાજકોટ ચેમ્બર માનનીય સાંસદશ્રી મોહનભાઈ કુંડારીયા તથા રેલ્વે ડિપાર્ટમેન્ટનો સહદય આભારની લાગણી વ્યકત કરે છે.

રાજકોટ રેલ્વે સ્ટેશન ખાતે એસ્કેલેટરની સુવિધા ધરાવતું સૌરાષ્ટ્રનું પ્રથમ સ્ટેશન બન્યું છે. રાજકોટ સ્ટેશન ખાતે ત્રણ એસ્કેલેટર લગાવવામાં આવ્યા છે. જેમાં પ્લેટફોર્મ નં.૧ ઉપર બે એસ્કેલેટર અને પ્લેટફોર્મ નં.૨/૩ પર એક એસ્કેલેટર લગાવવામાં આવ્યા છે. આ ઉપરાંત પ્લેટફોર્મ નં.૨/૩ પર વધુ એક લિફટની સુવિધા આપવામાં આવી છે. જેની ક્ષમતા એક સમયે ૨૦ વ્યકિતઓની છે. આમ રાજકોટ રેલ્વે સ્ટેશન ખાતે એસ્કેલેટરની સુવિધા મળવાથી ખાસ કરીને વરિષ્ઠ નાગરીકો, મહિલાઓ અને દિવ્યાંગો માટે ખુબ જ ઉપયોગી થશે. આમ રાજકોટના સ્ટેશન ખાતે એસ્કેલેટર લગાવવા માટેની ઘણાં વર્ષોની રાજકોટ ચેમ્બરની માંગણીનો સ્વીકાર થયેલ છે. તેમ રાજકોટ ચેમ્બરની અખબારી યાદીમાં જણાવેલ છે.